જા.નં/ક-૩/વિ.યો.દિ૨૦૧૮-૧૯/ 32340

જિલ્લાશિક્ષણાધિકારી ની કચેરી,

અનાવિલ ભવનની સામે,

કારેલીબાગ,વડોદરા.

તા.૦૮/૦૬/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી, તમામ

સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,

વડોદરા શહેર / ગ્રામ્ય વિસ્તાર

વિષય :- વિશ્વ યોગ દિવસ તા.૨૧ મી જૂન – ૨૦૧૮ ની ઉજવણી બાબત.

સંદર્ભ :- સચિવશ્રી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ ગુજરાત રાજય, ગાંધીનગર.તા.૬/૬/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આગામી ૨૧ જૂન – ૨૦૧૮ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી આપશ્રીની શાળામાં કરવા અંગે નીચેની બાબતો સુનિશ્ચિત કરવી જરૂરી છે.

(૧) શાળામાં ભાગ લેનાર બાળકોની સંખ્યા / વાલીઓની સંખ્યા સુનિશ્ચિત કરવી.

(૨) યોગ ટીચર / ટ્રેનર ની અગાઉથી વ્યવસ્થા કરવી.

(૩) ૨૧ મી જૂનનાં દિવસે " કોમન યોગા પ્રોટોકોલ (CYP) " મુજબ જ યોગ ક્રિયા થાય તે જોવું.

(૪) જે સ્થળે યોગ દિવસની ઉજવણી કરવાની હોય તે શાળાનું સ્થળ / મેદાન સુનિશ્ચિત કરવું.

(૫) શાળામાં દરેકને જાણકારી આપવી કે બાયસેગ તરફથી નિયમિત રૂપે " કોમન યોગા પ્રોટોકોલ (CYP) " નું સવારે વંદે ગુજરાત – ૧ ચેનલ પર સવારે ૭:૦૦ વાગે પ્રસારણ થાય છે અને તેનો ટ્રેનીંગ માટે લાભ લેવો.

(૬) વિભાગની વેબસાઇટ sycd.gujarat.gov.in તથા sgsu.gujarat.gov.in ઉપરથી " કોમન યોગા પ્રોટોકોલ (CYP) " તાલીમ અંગેની અન્ય વિગતો મેળવવી.

(૭) શાળામાં પ્રવેશોત્સવ દરમ્યાન મુલાકાત લેનાર અધિકારીશ્રીને યોગ અંગેની જણાવવાની રહેશે.

ઉપરોક્ત વિગતોને ધ્યાને લઈને નિયત સમય અને સ્થળે સ્થળે ૨૧ મી જૂન –૨૦૧૮ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી તેનો અહેવાલ અત્રેની કચેરીનાં મ.શિ.નિ.શ્રી બી.બી.ચૌધરી ને રજૂ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લાશિક્ષણાધિકારી
વડોદરા

**નકલ સવિનય રવાના :-**

મે,નિયામકશ્રી,

શાળાઓની કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

Scanned by CamScanner